# આણંદ જિલ્લાની સરકારી કચેરીઓ ‘નો ડ્રોન ઝોન’ જાહેર કરવામાં આવી

**મહત્વના અને** સંવેદનશીલ સ્થળોએ ડ્રોન, યુએવી અને પેરાગ્લાઈડર ઉડાડવા પર સખત પ્રતિબંધ

(પ્રતિનિધિ) આણંદ તા.૧૮

આણંદ જિલ્લામાં પ્રવર્તમાન સુરક્ષા પરિસ્થિતિ અને કાયદો-વ્યવસ્થાની જાળવણી અર્થે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ રાહુલ ગમારા દ્વારા એક મહત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ આદેશ અન્વયે જિલ્લાના વિવિધ વાઈટલ અને સેન્સિટીવ એરિયા તેમજ મહત્વના સરકારી સ્થાપનોને ‘નો ડ્રોન ઝોન’ તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

આ આદેશ મુજબ નિર્ધારિત ક્ષેત્રોમાં રિમોટ કંટ્રોલ સંચાલિત કેમેરાવાળા ડ્રોન, યુએવી, એરિયલ મિસાઈલ, હેલિકોપ્ટર, રિમોટ કંટ્રોલ માઈક્રોલાઈટ, એરક્રાફ્ટ કે પેરાગ્લાઈડર જેવાં આકાશી સંસાધનોના ઉપયોગ પર સંપૂર્ણ મનાઈ ફરમાવવામાં આવી છે.

આ જાહેરનામું સમગ્ર જિલ્લામાં ૧૩મી ડિસેમ્બર ૨૦૨૬ના રોજ રાત્રે ૨૪:૦૦ કલાક સુધી અમલમાં રહેશે. જોકે, સરકારી વિભાગો, પોલીસ વિભાગ અને સુરક્ષાબળોના સંસાધનોને આ પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવી છે. આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ સામે કાયદાકીય શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

### ચાર અલગ-અલગ અનુસૂચિ હેઠળ આવરી લેવાયેલા સ્થળો

- **વાઈટલ એરિયા :** આણંદ અમૂલ ડેરી, આણંદ ગ્રીડ સ્વીચિંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફિસ, મહીસાગર નદી રેલવે બ્રિજ, ધુવારણ થર્મલ પાવર સ્ટેશન, કાસોર જીઈબી સબ સ્ટેશન, ONGC સ્ટેશનો તેમજ શાહપુર, માણેજ અને સંજયા ખાતેની ઈન્ડિયન ઓઇલ અને IHB LPG પાઇપલાઇન વિસ્તારોનો સમાવેશ થાય છે.
- **સેન્સિટીવ એરિયા :** અહિમા પોઈચા બ્રિજ (મહીસાગર નદી), ૬૬ કે.વી. સબ સ્ટેશન પેટલાદ અને ટેલિકોમ્યુનિકેશન એક્સચેન્જ ઓફિસ પેટલાદને આવરી લેવાયા છે.
- **મહત્વના સરકારી સ્થાપનો :** કલેક્ટર કચેરી, જિલ્લા પોલીસ અધિક્ષક કચેરી આણંદ, ઉમરેઠ પોલીસ સ્ટેશન, ઉમરેઠ નગરપાલિકા, કોર્ટ સંકુલ, મામલતદાર કચેરી, રેલવે સ્ટેશન અને એસ.ટી. સ્ટેન્ડ સામેલ છે.
- **સુરક્ષા સંવેદનશીલ સ્થળો :** આણંદ ખેતીવાડી હેલીપેડ ગ્રાઉન્ડ, જીટોડીયા ડિસ્ટ્રિક્ટ કોર્ટ, નાવલી એન.સી.સી. એકેડેમી, બાલ અમૂલ ચોકલેટ પ્લાન્ટ (મોગર) તથા વિવિધ જેટકો સબ સ્ટેશનો ‘નો ડ્રોન ઝોન’ રહેશે.

## આણંદની ઘરફોડમાં ત્રણ તસ્કર પકડાયાં

(પ્રતિનિધિ) આણંદ તા.૧૮

આણંદ લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ચાવડાપુરા બેરીજ એવન્યુ સોસાયટીમાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલીને ત્રણ ઈસમોની અટકાયત કરવામાં આવી છે.

આણંદ એલસીબીએ વિદ્યાડેરી રોડ પર આવેલ વેટનરી કોલેજ ચોકડી પાસેથી શંકાસ્પદ હાલતમાં ઉભેલા ત્રણ ઈસમોને ઘેરાબંધી કરીને પકડી પાડ્યાં હતા. આ શખસોની પૂછપરછ અને તપાસ દરમિયાન તેઓએ દિપ પ્રકાશ પરમાર (રહે. જીટોડિયા), ઈવાંશ અનવીશ ચૌહાણ (રહે. પાદરીયા) અને નિર્મિત હનોથ પરમાર (રહે. પાદરીયા) હોવાનું જણાવ્યું હતું. તેઓની ઝડતી લેતાં તેમની પાસેથી સોનાનો ક્રોસ (પેન્ડલ), સોનાની વીંટી, સોનાની બુટ્ટી, ચાંદીની ચેઈન તેમજ ૩ નંગ મોબાઈલ મળીને કુલ રૂ. ૧,૨૧,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરાયો છે.

## આણંદના સાંઈબાબા મંદિર પરિસરમાં ભક્તિ અને શક્તિની આરાધના સાથે ગરબાની રમઝટ





આણંદના પ્રસિદ્ધ સાંઈબાબા મંદિર પરિસરમાં નવરાત્રી મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. નવરાત્રીના પાવન પર્વ નિમિત્તે અહીં ભક્તિભાવ અને ઉત્સાહનો અનોખો સંગમ જોવા મળી રહ્યો છે. રંગબેરંગી પરંપરાગત પોશાકમાં સજ્જ ખેલૈયાઓ માતાજીની આરાધના સાથે મન મૂકીને ગરબે ઘૂમી રહ્યા છે. યુવક-યુવતીઓ સહિત નાના-મોટા સૌ કોઈ ગરબાની રમઝટ બોલાવી રહ્યા છે. મંદિર પરિસરમાં ભક્તિમય વાતાવરણ વચ્ચે ખેલૈયાઓ ગરબે ઘૂમીને નવરાત્રી પર્વની સાચા અર્થમાં ઉજવણી કરી રહ્યા છે. માતાજીની ભક્તિ, પરંપરા અને સંસ્કૃતિના સમન્વય સમાન આ મહોત્સવમાં શ્રદ્ધાળુઓ પણ ઉત્સાહભેર જોડાઈ રહ્યા છે.

# ઉમરેઠમાં શ્રીવારાહી માતાજીનો ૨૬૯મો વિશ્વવિખ્યાત હવન યોજાશે

**૨૦૦ મણ** લાકડા અને ૧૯ કવચના હોમ સાથે ધાર્મિક મહોત્સવ ઉજવાશે

(પ્રતિનિધિ) આણંદ તા.૧૮

ઉમરેઠના શ્રીઅમરેશ્વર મહાદેવ-વારાહી માતા તથા કાળકા માતા ટ્રસ્ટ દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આસો સુદ નોમના પાવન પર્વે વારાહી દરવાજા સ્થિત હવન ચોક ખાતે શ્રી વારાહી માતાજીના ૨૬૯મા વિશ્વ વિખ્યાત હવનનો વિધિવત શુભારંભ ૨૦મી ઓક્ટોબર,૨૦૨૬ ને મંગળવારના રોજ રાત્રે ૧૧:૧૧ કલાકે કરવામાં આવશે.

ઉમરેઠના ભોલવા કૂવા પાસે છેલ્લા ૨૬૮ વર્ષથી યોજાતો આ હવન વિશ્વમાં માત્ર બે જ સ્થળે–ઉમરેઠ અને કાશી ખાતે યોજાય છે. શાસ્ત્રોક્ત વિધિ મુજબ મોટાભાગના હવન દિવસ દરમિયાન થતા હોય છે, જ્યારે આ હવન રાત્રિના સમયે યોજાય છે તે તેની મુખ્ય વિશેષતા છે. આ હવન માટે કોઈ કુંડ બનાવવાને બદલે જમીન પર ગાયના છાણ અને માટીનું લીપણ કરી ચોરી તૈયાર કરવામાં આવે છે. જેમાં ૨૦૦ મણ લાકડા, ૫૦ કિલો પાયસ, ૧૦૦ કિલો તલ, ૫૦ કિલો ઘી અને ૧૦૦૦ નંગ નાળિયેર હોમવામાં આવે છે. આ ઉપરાંત, સામાન્ય હવનના ૧૩ કવચની સરખામણીએ અહીં ચંડીપાઠના વિશેષ ૧૯ કવચનો હોમ કરવામાં આવે છે.

હવનના મુખ્ય આચાર્ય તરીકે રાજ્ય સન્માનિત સ્નેહલભાઈ ઉમાકાન્ત દવે સેવા આપશે. યજમાનપદે શ્રી સત્યમ્ જોષી અને અ.સૌ. અનુરા જોષી બિરાજશે. પ્રમુખ સુરેશભાઈ જોષી તથા ટ્રસ્ટી મંડળ દ્વારા મહોત્સવનું આયોજન કરાયું છે.

### નિર્ગુણદાસ મહારાજના હસ્તે હવનની પૂર્ણાહુતિ થશે

મહોત્સવ અંતર્ગત સવારે ૧૦:૧૧ કલાકે કેસર સ્નાન સાથે માતાજીની પ્રાત: પૂજા, સાંજે ૭:૨૧ કલાકે હવન ચોક પૂજન અને સાંજે ૮:૦૦ કલાકે મહાઆરતી યોજાશે. રાત્રે ૧૦:૨૦ કલાકે રાત્રિ પૂજા બાદ ૧૧:૧૧ કલાકે હવનનો પ્રારંભ થશે. બીજા દિવસે તારીખ ૨૧/૧૦/૨૦૨૬ (બુધવાર) સવારે ૬:૩૧ કલાકે સંતરામ મંદિર (ઉમરેઠ)ના પ.પૂ. શ્રી નિર્ગુણદાસ મહારાજના હસ્તે હવનની પૂર્ણાહુતિ સંપન્ન થશે.

# આણંદ જિલ્લાની સરકારી કચેરીમાં સ્વચ્છતા જળવાય તે માટે તાકીદ

**આણંદ ખાતે** સાંસદના અધ્યક્ષસ્થાને ‘દિશા’ કમિટીની બેઠક યોજાઈ

(પ્રતિનિધિ) આણંદ તા.૧૮

આણંદના સર્કિટ હાઉસ ખાતે સાંસદ અને દિશા કમિટીના ચેરમેન મિતેષભાઈ પટેલના અધ્યક્ષસ્થાને ડિસ્ટ્રીક્ટ ડેવલોપમેન્ટ કો-ઓર્ડીનેશન એન્ડ મોનીટરીંગ કમિટી (દિશા) ની સમીક્ષા બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં વર્ષ ૨૦૨૬-૨૭ ના બીજા ત્રિમાસિક ગાળા દરમિયાન કેન્દ્ર સરકારની લોકકલ્યાણકારી યોજનાઓના નિર્ધારિત લક્ષ્યાંકો સામે થયેલી કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી. સાંસદે પ્રજાલક્ષી પ્રશ્નોનો સકારાત્મક અને ત્વરિત ઉકેલ લાવવા અધિકારીઓને નિર્દેશ આપ્યા હતા. સરકારી કચેરીએ આવતા નાગરિકોને સાનુકૂળ તથા સહાનુભૂતિપૂર્વકનો પ્રત્યુત્તર મળે તેમજ કચેરીઓમાં સ્વચ્છતા જળવાય તે માટે તેમણે તાકીદ કરી હતી.

છેવાડાના માનવી સુધી શ્રેષ્ઠ રોડ કનેક્ટિવિટી, મજબૂત આરોગ્ય સેવાઓ, શુદ્ધ પીવાનું પાણી, અનાજ અને સિંચાઈનું પાણી મળી રહે તે માટે સતત કાર્યરત રહેવા જણાવ્યું હતું. રાસાયણિક ખાતરોના વધુ પડતા વપરાશથી પીવાના પાણીની ગુણવત્તા ન બગડે તે માટે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા અનુરોધ કર્યો હતો. તારાપુર વિસ્તારમાં પ્રાકૃતિક પદ્ધતિથી ઉત્પાદિત કઠોળ અને ડાંગર ખરીદી લેવાની ખાતરી પણ તેમણે આપી હતી.

# આણંદ-ખેડા જિલ્લાની અર્બન બેંકોની ‘ચિંતન બેઠક’ યોજાઈ

**ભાદરણ પીપલ્સ** કોઓપરેટિવ બેંકનું એવોર્ડ અને પુષ્પગુચ્છ આપી વિશેષ બહુમાન કરાયું

(પ્રતિનિધિ) તારાપુર તા.૧૮

સહકાર ભારતી અર્બન બેંક પ્રકોષ્ઠ દ્વારા તારાપુર અર્બન બેંકના સભાખંડમાં આણંદ અને ખેડા જિલ્લાની અર્બન સહકારી બેંકોના હોદ્દેદારો અને પદાધિકારીઓ માટે એક મહત્વપૂર્ણ ચિંતન બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં બેંકોના સુચારુ વિકાસ, સહકારી કાયદા-કાનૂનના અમલીકરણ અને પ્રવર્તમાન સહકારના સિદ્ધાંતો પર ગહન વિચાર-વિમર્શ કરીને વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

આ ચિંતન બેઠકમાં રાષ્ટ્રીય પશ્ચિમ ક્ષેત્ર સંગઠન પ્રમુખ જીવણભાઈ ગોલે (જીવણ દાદા), ગુજરાત પ્રદેશ અર્બન બેંક પ્રકોષ્ઠના સહસંયોજક કેતનભાઈ પટેલ, સહકાર ભારતી આણંદ વિભાગના સહસંયોજક શિતલભાઈ ભટ્ટ, આણંદ જિલ્લા સહકાર ભારતીના અધ્યક્ષ કમલેશભાઈ સી. પટેલ (જહાજ), મંત્રી કાર્તિકભાઈ પટેલ તેમજ આણંદ જિલ્લા અર્બન બેંક પ્રકોષ્ઠ પ્રમુખ ઠાકોરભાઈ જે. પટેલ સહિતના અગ્રણીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

ચિંતન બેઠકમાં આણંદ અને ખેડા જિલ્લાની વિવિધ અર્બન, નાગરિક, પીપલ્સ તેમજ મર્કન્ટાઈલ સહકારી બેંકોના અધિકારીઓ, પદાધિકારીઓ અને સહકાર ભારતીના મંચસ્થ હોદ્દેદારો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન અર્બન બેંકોના સર્વાંગી વિકાસ અને ‘સહકારથી સમૃદ્ધિ’ના સંકલ્પને સાકાર કરવા માટે જરૂરી માર્ગદર્શન અપાયું હતું.

વિશેષમાં, ૧૧૫ વર્ષ ઉપરાંતનો દીર્ઘ કાર્યકાળ ધરાવતી ભાદરણ પીપલ્સ કોઓપરેટિવ બેંકને સંઘના શતાબ્દી વર્ષ નિમિત્તે મહાનુભાવોના વરદહસ્તે પુષ્પગુચ્છ અને એવોર્ડ એનાયત કરીને સન્માનિત કરાઇ હતી. કાર્યક્રમનું આયોજન યજમાન તારાપુર અર્બન કો-ઓપ. બેંકના હોદ્દેદારો અને કર્મચારીઓની જહેમતથી સંપન્ન થયું હતું.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### કપડવંજના વ્યાસ વાસણા પે સેન્ટર શાળામાં નવરાત્રિ મહોત્સવની ભવ્ય ઉજવણી

**કપડવંજ |** કપડવંજ તાલુકાની વ્યાસ વાસણા પે સેન્ટર શાળાના



પ્રાગણમાં શારદીય નવરાત્રિ નિમિત્તે ગરબા મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. મા અંબા પ્રત્યેની આસ્થા સાથે બાળકો અને શાળા પરિવાર દ્વારા સામુહિક આરતી કરીને ઉત્સવની શરૂઆત કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક વર્તુળાકારે ગરબાગાન કરીને સાંસ્કૃતિક પ્રવૃત્તિનો આનંદ માણ્યો હતો. આ પ્રસંગે આચાર્ય કે. કે. પ્રજાપતિ તથા શિક્ષકગણે પણ બાળકો સાથે ગરબે ઘૂમીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

### કપડવંજ સિંગાલી હાઇસ્કૂલમાં ડો. વિરાજ મુન્શા દ્વારા આરઓ પ્લાન્ટ અને કુલરનું દાન

**કપડવંજ |** ઠાસરાના ઉદ્યોગપતિ ચીનુભાઈ મુન્શાના પ્રપૌત્રી ડો. વિરાજબેન મુન્શા દ્વારા સિંગાલી ગામે આવેલ યુવક મંડળ સંચાલિત



સ્વામિનારાયણ ઉત્તર બુનિયાદી હાઇસ્કૂલને આરઓ પ્લાન્ટ દાનમાં આપવામાં આવ્યો છે. ધોરણ ૯ અને ૧૦ના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓને પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે શુભાશયથી અંદાજે રૂ. ૫૦,૦૦૦ની કિંમતનો ૧૦૦ લીટર/કલાકની ક્ષમતા ધરાવતો આરઓ પ્લાન્ટ અર્પણ કરાયો છે. ડો. વિરાજબેન દર વર્ષે વિવિધ શાળાઓમાં ચોપડા, સ્વેટર અને અન્ય શૈક્ષણિક સામગ્રીઓનું દાન આપી શિક્ષણ યજ્ઞ ચલાવી રહ્યા છે. બાળકો માટે પાણીની ઉત્તમ સુવિધા પૂરી પાડવા બદલ શ્રી યુવક મંડળ તથા આચાર્ય ભાવેશભાઈ પટેલ દ્વારા દાતાનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### ખેડા જિલ્લાની દિવ્યાંગ ટીમ રાષ્ટ્રીય સમાવેશી નાટ્ય મહોત્સવમાં ત્રીજા નંબરે વિજેતા બની

**નડિયાદ |** વડોદરા ખાતે સમગ્ર શિક્ષા ગાંધીનગર પ્રેરિત રાષ્ટ્રીય સમાવેશી નાટ્ય મહોત્સવ યોજાયો હતો. આ મહોત્સવમાં ખેડા જિલ્લાની




ટીમે દિવ્યાંગતા અને સરકારી યોજનાઓની જાગૃતિ અંગેનું નાટક રજૂ કર્યું હતું. જિલ્લા શિક્ષણ અધિકારીના માર્ગદર્શન હેઠળ પીજ પ્રાથમિક શાળાના દિવ્યાંગ વિદ્યાર્થીઓએ ત્રીજો નંબર મેળવી જિલ્લાનું નામ રોશન કર્યું હતું. વિદ્યાર્થીઓની આ વિશિષ્ટ સિદ્ધિ બદલ આચાર્ય સંદીપભાઈ અને માર્ગદર્શક શિક્ષકોએ સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યાં હતાં.

### ચારુસેટમાં ‘ઈલ્યુમિનેટ વર્કશોપ 2026’ માં 82 વિદ્યાર્થીઓએ ભાગ લીધો



**આણંદ |** ચારુસેટ યુનિવર્સિટી દ્વારા E-Cell, IIT Bombayના સહયોગથી વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસાહસિકતા અને સ્ટાર્ટઅપ ક્ષેત્રે પ્રોત્સાહન આપવાના હેતુથી ‘ઈલ્યુમિનેટ વર્કશોપ 2026’નું આયોજન કરવામાં આવ્યું હતું. ચારુસેટના પ્રોવોસ્ટ ડો. અતુલ પટેલ અને રજીસ્ટ્રાર ડો. બિનીત પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં કુલ 82 વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વર્કશોપમાં IIT Bombayના મેન્ટર શ્રી ચિન્મય શાહ દ્વારા વિદ્યાર્થીઓને ઇનોવેશન, ઉભરતી ટેક્નોલોજી અને નવતર વિચારોને વાસ્તવિક સ્વરૂપ આપવાની પ્રક્રિયા વિશે માર્ગદર્શન અપાયું હતું.

### આણંદની ઇરમા હોસ્ટેલમાં ફાયર બ્રિગેડની મોક ડ્રીલ યોજવામાં આવી

**આણંદ |** ત્રિભુવન સહકારી યુનિવર્સિટીની ઇરમા હોસ્ટેલમાં આગ લાગ્યાની જાણ થતાં કરમસદ-આણંદ ફાયર એન્ડ ઇમર્જન્સી



સર્વિસીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ચીફ ફાયર ઓફિસર ધર્મેશ ગોર અને ફાયર ટીમે ઘટનાસ્થળે પહોંચીને તુરંત ફાયર ફાઈટિંગની કામગીરી શરૂ કરી હતી. ધુમાડામાં ફસાયેલા બે લોકોને SCBA સાધનોનો ઉપયોગ કરીને સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરી હોસ્પિટલ મોકલવામાં આવ્યા હતા. આ તમામ કામગીરી પૂર્ણ થયા બાદ આ ઘટનાને મોક ડ્રીલ જાહેર કરાઈ હતી, જેનો મુખ્ય હેતુ ફાયર, સેફ્ટી અને સિક્યુરિટી સ્ટાફની સંયુક્ત કામગીરીનું મૂલ્યાંકન કરવાનો હતો.

### કપડવંજમાં પરંપરાગત શેરી ગરબા સાથે શક્તિ આરાધનાની રમઝટ જામી

**કપડવંજ |** કપડવંજમાં એક તરફ ૨૦૦ વર્ષ જૂની શેરી ગરબાની



સંસ્કૃતિ અને બીજી તરફ આધુનિક પાર્ટી પ્લોટ કલ્ચરનો અનોખો સુમેળ જોવા મળી રહ્યો છે. સુથારવાળા ચકલામાં સ્થિત વર્ષો જૂની ત્રણેક માળ ઊંચી માંડવડી મુખ્ય આકર્ષણ બની છે, જ્યારે વિવિધ પોળો અને મંદિરોમાં પરંપરાગત રીતે ગરબાનું સ્થાપન કરાયું છે. તમામ પોળો, સોસાયટીઓ અને મંદિરોને આકર્ષક લાઈટિંગ, ધજા-પતાકા તથા ગબ્બરના અવનવા શણગારથી રોશન કરવામાં આવ્યા છે. કપડવંજનું યુવાધન રાતભર ગરબાની રીધમ સાથે તાલ મિલાવીને શક્તિ આરાધનામાં મગ્ન બની મોજ માણી રહ્યું છે.

### આંકલાવના હળદરી પ્રાથમિક શાળાના શિક્ષિકાને ‘પ્રકૃતિ મિત્ર એવોર્ડ-૨૦૨૬’ એનાયત

**આંકલાવ |** ‘પ્રકૃતિ મિત્ર ગ્રુપ ગુજરાત’ દ્વારા વાત્સલ્ય ધામ, હડાત ખાતે યોજાયેલા ભવ્ય સન્માન સમારોહમાં પર્યાવરણ સંરક્ષણ અને



જીવદયા ક્ષેત્રે વિશેષ યોગદાન આપનાર અગ્રણીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત હળદરી પ્રાથમિક શાળાના શિક્ષિકા શ્રીમતી તન્વી ટંડેલને પર્યાવરણ ક્ષેત્રે કરેલી સરાહનીય કામગીરીની કદરરૂપે ગૌરવવંતો ‘પ્રકૃતિ મિત્ર એવોર્ડ-૨૦૨૬’ એનાયત કરવામાં આવ્યો હતો. શિક્ષણની સાથે બાળકો અને સમાજમાં પ્રકૃતિ પ્રત્યે સંવેદનશીલતા કેળવનાર શિક્ષિકાને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સન્માનપત્ર અને સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માનિત કરાયા હતા. આ ઝળહળતી સિદ્ધિ મેળવવા બદલ શાળા પરિવાર, ગ્રામજનો અને શિક્ષણ જગતના અગ્રણીઓ તરફથી તેમના પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

### આણંદની ક્રિશ્ચિયન કોલેજ ઓફ એજ્યુકેશનમાં ‘વ્યક્તિત્વ અને અનુકૂલન’ પર વ્યાખ્યાન યોજાયું



**આણંદ |** આણંદની ક્રિશ્ચિયન કોલેજ ઓફ એજ્યુકેશનમાં જ્ઞાનાત્મક ધારા હેઠળ ‘વ્યક્તિત્વ અને અનુકૂલન’ વિષય પર અતિથિ વ્યાખ્યાન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે બોરસદની આર. પી. અનડા કોલેજ ઓફ એજ્યુકેશનના આચાર્ય ડો. જીતેશ તલાટીએ વક્તા તરીકે હાજરી આપી હતી. તેમણે તાલીમાર્થીઓને વ્યક્તિત્વના સર્વાંગી વિકાસ અને જીવનની વિવિધ પરિસ્થિતિઓમાં અનુકૂલન સાધવાના મહત્વ અંગે જ્ઞાનસભર માર્ગદર્શન આપ્યું હતું. સંસ્થાના ચેરમેન વોલેસ ક્રિશ્ચિયન અને આચાર્ય જતીન પઢિયારના માર્ગદર્શન હેઠળ ડો. દીપા સેવક તથા અધ્યાપક ગણે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આણંદના જાગનાથ ગુરુકુળ ખાતે ભક્તિ અને ઉલ્લાસ સાથે નવરાત્રી મહોત્સવની ભવ્ય ઉજવણી



**આણંદ |** શહેરના શ્રી જાગનાથ ગુરુકુળ ખાતે આસો નવરાત્રીના પવિત્ર પર્વ નિમિત્તે દિવ્ય રાસ-ગરબા મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુરુકુળના વિદ્યાર્થીઓ તથા શ્રદ્ધાળુઓએ પારંપરિક પોશાકમાં સજ્જ થઈ મા અંબાની ભક્તિભાવપૂર્વક આરાધના કરી હતી. આ કાર્યક્રમ દરમિયાન મહાઆરતી તેમજ ઉત્કૃષ્ટ રાસ રમનાર ખેલૈયાઓ અને શ્રેષ્ઠ પોશાક માટે પ્રોત્સાહક ઈનામો એનાયત કરાયા હતા. સમગ્ર ગુરુકુળ પરિસરમાં ધાર્મિક અને સાંસ્કૃતિક વાતાવરણ વચ્ચે આયોજિત આ મહોત્સવમાં મોટી સંખ્યામાં હરિભક્તો ઉત્સાહભેર જોડાયા હતા.

### આણંદમાં ‘મારા જીવનમાં શી સંભાવના રહેલી છે’ વિષય પર વાર્તાલાપ યોજાયો




**આણંદ |** અમૂલ્ય સિનિયર સિટીઝન કલબ આણંદ દ્વારા યોજાયેલા ખાસ વાર્તાલાપ કાર્યક્રમનો પ્રારંભ સંસ્થાના પ્રમુખ જયંતિભાઈ આર. શાહ, મુખ્ય વક્તા ચૈતન્યભાઈ સંઘાણી અને અન્ય મહાનુભાવો દ્વારા દીપ પ્રગટાવીને કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષ જયંતીભાઈ શાહે સ્વાગત પ્રવચન કરી સંસ્થાગત પ્રવૃત્તિઓ અને દાતાઓના સહયોગને બિરદાવ્યા હતા, જ્યારે ડો. અનિલભાઈ ગાંધીએ ઉપસ્થિત મહેમાનોનો પરિચય આપ્યો હતો. આ પ્રસંગે જન્મદિવસ ધરાવતા સભ્યોનું સ્મૃતિભેટ આપી સન્માન કરાયું હતું; નરેન્દ્રભાઈ શાહે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું અને ઉપપ્રમુખ શંકરલાલ મંડોરાએ આભારવિધિ કરી હતી.

### આણંદ કૃષિ યુનિવર્સિટીના બાગાયત મહાવિદ્યાલય ખાતે ‘દીક્ષારંભ’ કાર્યક્રમ યોજાયો

**આણંદ |** આણંદ કૃષિ યુનિવર્સિટીના બાગાયત મહાવિદ્યાલય દ્વારા નવપ્રવેશિત વિદ્યાર્થીઓ માટે ‘દીક્ષારંભ’ કાર્યક્રમનું આયોજન



કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના શૈક્ષણિક વાતાવરણ, વિવિધ વિભાગો અને પ્રાયોગિક શિક્ષણની તકોથી માહિતગાર કરવાનો હતો. આ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને વિવિધ સંશોધન કેન્દ્રો અને પ્રયોગશાળાઓની મુલાકાત સાથે ક્ષેત્રના નિષ્ણાતો દ્વારા કારકિર્દી અંગે ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અંતે વરિષ્ઠ વિદ્યાર્થીઓ દ્વારા નવપ્રવેશિતોના ઉષ્માભર્યા સ્વાગત માટે ફ્રેશર્સ પાર્ટીનું પણ આયોજન કરાયું હતું.